નવગુજરાત સમય, પાના નં. ૧૬, તા. ૧૪.૦૯.૨૦૨૪

સોમવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સેક્ટર-1 મેટ્રો સ્ટેશનથી ગાંધીનગર-મોટેરા-થલતેજ મેટ્રો રૂટનો આરંભ કરાવશે

# અમદાવાદ બાદ હવે રાજકોટ, વડોદરામાં મેટ્રો રેલ શરૂ થશે

## ₹ 24555 કરોડના 4 પ્રોજેક્ટની કેન્દ્ર સરકારને દરખાસ્ત

- **નવા 91 કિ.મી.ના મેટ્રો રેલ માટે કેન્દ્ર સરકારને ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશને દરખાસ્ત મોકલી**
- **વડોદરામાં 39.10 કિ.મી.નો ₹ 10,438 કરોડ, રાજકોટમાં 37.80 કિ.મી.નો ₹ 10,214 કરોડના ખર્ચનો અંદાજ**

**આશિષ અમીન** > ગાંધીનગર

અમદાવાદના પૂર્વ અને પશ્ચિમ વિસ્તારોમાંથી પસાર થતી મેટ્રો રેલ સોમવારથી ઇન્ટર કનેક્શન મારફતે ગાંધીનગરને આવરી લેશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૬મીએ સેક્ટર-૧ના નવા મેટ્રો સ્ટેશનને ખુલ્લું મૂકવા સાથે ગાંધીનગરથી મોટેરા-થલતેજના રૂટનો શુભારંભ કરાવવાના છે ત્યારે હવે રાજકોટ અને વડોદરામાં આવી જ રીતે મેટ્રો રેલ સેવા માટેની તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. એટલું જ નહીં, ઝડપથી વિકસી રહેલા ગિફ્ટ સિટીમાં સરક્યુલર મેટ્રો રૂટ તથા અમદાવાદ આંતરરાષ્ટ્રીય એરપોર્ટને સાંકળી લેવા નવો ટ્રેક બિછાવવાનો પ્રોજેક્ટ પણ તૈયાર કરી દેવામાં આવ્યો છે. અંદાજે રૂ.૨૪,૫૫૫ કરોડના અંદાજિત ખર્ચે ચાર પ્રોજેક્ટ્સને ઝડપથી હાથ ધરવા માટે કેન્દ્ર સરકારને ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા દરખાસ્ત મોકલી આપવામાં આવી છે. કેન્દ્રની મંજૂરી મળતાં કુલ ૯૧ કિ.મી.ના આ ચારેય પ્રોજેક્ટ પર કામ શરૂ કરી દેવામાં આવશે.



અમદાવાદના મોટેરા નરેન્દ્ર મોદી સ્ટેડિયમથી ગાંધીનગર સેક્ટર-૧ સુધીના રૂટનું પોતાના ૧૭ સપ્ટેમ્બરના જન્મદિનના આગલા દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદી લોકાર્પણ કરવાના છે. પીએમ મોદી ૧૬મીએ બપોરે ૧.૩૦ વાગે સેક્ટર-૧થી ગિફ્ટ સિટી સુધીનો પ્રવાસ મેટ્રોમાં કરશે. વડાપ્રધાન PDEU અને ગિફ્ટ સિટી સુધીના આ રૂટમાં રાયસણ સહિતના વિસ્તારોના લોકો સાથે સંવાદ કરશે. ગિફ્ટ સિટીમાં પણ કેટલા ફાયનાન્સ અને બિઝનેસ અગ્રણીઓ સાથે ઔપચારિક મુલાકાત કરનાર છે. ગાંધીનગર અને અમદાવાદવાસીઓને વડાપ્રધાનની આ ગિફ્ટ પછી હવે વડોદરા અને રાજકોટના નાગરિકોને પણ મેટ્રો ટ્રેન સેવાનો લાભ મળવા જઈ રહ્યો છે. અમદાવાદ-ગાંધીનગરની જનતાને મેટ્રો ટ્રેનની સુવિધા બાદ હવે વડોદરા અને રાજકોટવાસીઓને મેટ્રો ટ્રેનની સુવિધા આપવા માટે ગુજરાત સરકારે કેન્દ્ર સરકારને દરખાસ્ત મોકલી છે, તેમ કહી ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશનના ચીફ જનરલ મેનેજર પુષ્કર સિંગલાએ જણાવ્યું હતું કે, હાલ અમદાવાદના પૂર્વ અને પશ્ચિમના રૂટમાં મુસાફરી કરતાં લોકોને હવે એરપોર્ટ સાથે જોડવાના પ્રોજેક્ટનો આ દરખાસ્તમાં સમાવેશ કરાયો છે. આ જ રીતે ગિફ્ટ સિટીમાં સરક્યુલર રૂટ પણ દોડાવવાની વિચારણા છે. આ ચારેય પ્રોજેક્ટનો અંદાજિત રૂ.૨૪,૫૫૫ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. જેમાં નવી ૯૦.૮૧ કિ.મી. મેટ્રો ટ્રેક નાખવામાં આવશે. સિંગલાના કહેવા પ્રમાણે, વડોદરા માટે ૩૯.૧૦ કિ.મી.નો રૂટ વિચારાયો છે એમાં રૂ.૧૦,૪૩૮ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે જ્યારે રાજકોટમાં ૩૭.૮૦ કિ.મી.ના રૂટ માટે રૂ.૧૦,૨૧૪ કરોડનો ખર્ચ થવાની ગણતરી છે. આ જ રીતે ગિફ્ટ સિટીમાં નવા બનનારા ૭.૫૬ કિ.મી.ના સરક્યુલર રૂટ પાછળ રૂ.૨૦૨૩ કરોડનો ખર્ચ થશે જ્યારે ૬.૩૩ કિ.મી.નો નવો રૂટ તૈયાર કરી અમદાવાદ એરપોર્ટને મેટ્રો નેટવર્ક સાથે જોડવા માટે રૂ.૧૮૭૯ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. આમ, આ ચારેય પ્રોજેક્ટને થોડા સમયમાં મંજૂરી મળી જશે એટલે તેના પર કામ શરૂ કરવામાં આવશે.

### PM ગિફ્ટ સિટી, રાયસણ સુધી મેટ્રોમાં સફર કરશે

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૬મીએ બપોરે ૧.૩૦ વાગે મહાત્મા મંદિરથી સેક્ટર-૧ ખાતે નવનિર્મિત મેટ્રો સ્ટેશન પહોંચશે. અહીંથી વડાપ્રધાન ગિફ્ટ સિટી સુધી મેટ્રો ટ્રેનમાં સફર કરી નવા રૂટનો શુભારંભ કરાવશે. વડાપ્રધાન ઇન્ફોસિટી, ઇન્દ્રોડા ડીપોર્ટ, ધોળાકૂવા સર્કલ થઇ ગિફ્ટ સિટી PDEU અને રાયસણ સુધી સફરકરશે. રાયસણ સ્ટેશને નાગરિકો સાથે સંવાદ કરશે.

### વડાપ્રધાન GMDC ગ્રાઉન્ડ હેલિકોપ્ટરથી આવશે

વડાપ્રધાન નરેન્દ્ર મોદી સોમવારે સવારે મહાત્મા મંદિરમાં આયોજિત ગુજરાત ચોથી ગ્લોબલ રિન્યુએબલ એનર્જી ઇન્વેસ્ટમેન્ટ મીટ અને એક્સ્પો (RE-ઇન્વેસ્ટ 2024)ને ખુલ્લું મૂકશે. ત્યાર બાદ બપોરે ૧.૩૦ વાગે સેક્ટર-૧થી ગિફ્ટ સિટી સુધી મેટ્રો રેલમાં સફર કરી ગાંધીનગર અને અમદાવાદ વચ્ચેના રૂટનું ઉદ્દઘાટન કરશે. વડાપ્રધાન સાંજે ૪ વાગ્યા પછી અમદાવાદના મેમનગર વિસ્તારમાં આવેલા ગુજરાત યુનિવર્સિટી, GMDC ગ્રાઉન્ડ ખાતે વિવિધ લોકાર્પણો અને ખાતમુહૂર્તના કાર્યક્રમમાં હાજરી આપવા પહોંચશે. આ કાર્યક્રમમાં પહોંચવા માટે વડાપ્રધાન હેલિકોપ્ટરનો ઉપયોગ કરવાનાર હોવાનું જાણવા મળ્યું છે. વિશાળ કાર્યક્રમમાં હાજરી આપવા જમીન માર્ગે પહોંચવામાં નાગરિકોને અસુવિધાનો ભોગ બનવુ ન પડે તે માટે તથા સુરક્ષાના કારણોસર વડાપ્રધાન ગાંધીનગરથી હેલિકોપ્ટરથી GMDC ગ્રાઉન્ડ પહોંચશે. આ માટે GMDC ગ્રાઉન્ડમાં જ હેલિપેડ તૈયાર કરાયું છે.